# સત્સંગ સમાચાર

## ભગતજી મહારાજના પ્રાગટ્યોત્સવની દિવ્યતાપૂર્ણ ઉજવણી

હોળી-૯ માર્ચ, ૨૦૨૦ના પાવન દિવસે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો ૧૯૨મો પ્રાગટ્યોત્સવ સંતભગવંત સાહેબજીની દિવ્ય નિશ્રામાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ભક્તિભાવે ઉજવાયો. આ પ્રસંગે સેંકડો અક્ષરમુક્તો ઉપસ્થિત રહ્યા અને ભગતજી મહારાજના મહિમામાં ગુલતાન બન્યા.

સભાપ્રારંભે પૂ. પીટરભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભગતજી મહારાજના દિવ્ય મહિમા અને જીવનકાર્યને વર્ણવ્યાં. પૂ. ડો. મનોજભાઈએ ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીમાં કરેલ જીવની પ્રીતિ, ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાનું પાલન, જીવ-પ્રાણીમાત્રમાં નિર્દોષભાવ-સુહૃદભાવ અને અચળ આશરો એટલેકે દૃઢ ઉપાસનાની વાત 'સ્વામીની વાતું'ના આધારે સમજાવી અને ભગતજી મહારાજની અલૌકિક બ્રાહ્મીસ્થિતિનું વર્ણન કરી, શેષ જીવનમાં નિત્ય આ ચાર વાતું જીવનું જીવન બને તેવી પ્રાર્થના કરી.

સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા કે, 'હંમેશાં પાછાં વાળીને જોવું કે, આપણે શું કરવા આવ્યા છીએ ને શું કરી રહ્યા છીએ ? કારણ કે, પ્રભુએ આપણને અનાસક્ત થવા, ગુણાતીત સ્વરૂપમાં ઓતપ્રોત થવા, બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવા મોકલ્યા છે. એવી સ્થિતિ કે, જે ભગતજી મહારાજે પ્રાપ્ત કરી. માટે જાગ્રત રહીએ, ગાફલાઈમાં ન રહીએ. સૌને નિર્દોષ માનીએ અને ગુરુઆજ્ઞાનું પાલન કરી મહિમાથી સેવામાં, ભજનમાં લીન રહીએ.'

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનનદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા કે, આપણને માગતાં નથી આવડતું. રાજા પાસે એક કોથળો બટાકાનો માગીએ તેવી આપણી કક્ષા છે. પ્રભુના પ્રગટ ગુણાતીત સ્વરૂપ એ રાજાને સ્થાને છે અને આપણે એક કોથળો બટાકા માંગનારને સ્થાને છીએ. ભગવાનના સાધર્મ્યપણાને પામેલ સ્વરૂપ આપણને એમના જેવું સુખ આપવા માગે છે, જે ભગતજી મહારાજે આપણને સમજાવ્યું. ગુણાતીત સાધુ સાથે અસાધારણ પ્રીતિ થાય તો જીવની કક્ષા બદલાય અને પછી જીવન પરિવર્તન પામે. પ્રભુનું પરમ પ્રગટ ગુણાતીત સ્વરૂપ જે આપણને સાહેબદાદા સ્વરૂપે પ્રાપ્ત થયું છે, તેમના સ્વરૂપમાં ઓગળી જઈ પરમ પ્રાપ્તિ કરવાનો સમય આવ્યો છે અને તેના માટે આ ઉત્સવો ઉજવાય છે.'

આ પ્રસંગે અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ 'માગો માગો ભગતજી આજ...' કીર્તન ગાઈ ગુણાતીતાનંદ સ્વામી તથા ભગતજી મહારાજના જીવન પ્રસંગોને તાદૃશ્ય કર્યા.

અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવ્યા કે, 'હોળીનું પર્વ એટલે અંધકાર દૂર કરી પ્રકાશ રેલાવવાનું પર્વ. ભગતજીએ ગુણાતીતાનંદ સ્વામીનો યથાર્થ મહિમા સમજાવી ઉપાસનાને પ્રકાશિત કરી. ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ભગતજીએ સૌને બ્રહ્મની મૂર્તિ માનવારૂપી તપ, અભાવ-અવગુણનો ત્યાગ અને ભગવાન અને ભગવાનના સંતો-ભક્તો સિવાય અન્ય કોઈ નિસ્બત નહિ-એવો વૈરાગ્ય રાખ્યો. નિવૃત્તિ છતાં પ્રભુને રાજી કરવા માટેનું પ્રવૃત્તિસભર જીવન



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્યોત્સવની સભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

જીવી કેવળ માહાત્મ્યથી સેવાઓ કરી તો સ્વામી રાજી થયા ને ભગતજી મહારાજને બ્રહ્મસ્વરૂપ અવસ્થાને પમાડી દીધા. પ્રભુ ગુણાતીત સાધુરૂપે પ્રગટ છે તે જડબેસલાક ઉપાસના તેઓએ પ્રસરાવી ને શાસ્ત્રીજી મહારાજને પણ સમજાવી, તેના ફળ સ્વરૂપે જંગમ અને સ્થાવર મંદિરો રચાયાં, માનવમાત્ર સુખી થાય તેવો રાજમાર્ગ કંડારાયો; જેના મૂળમાં ભગતજી મહારાજની અપાર ભક્તિ અને દેહભાવથી પરનું જીવન છે.'

આમ, ભગતજી મહારાજના દિવ્ય જીવન અને ગુણાતીત અવસ્થાના મહિમામાં રસતરબોળ થઈ સૌએ અલૌકિક સાધનાનું બળ પ્રાપ્ત કર્યું. સમગ્ર સભામાં બ્રહ્મભાવના સહજ જ પ્રસરી ને વળી, અંતરમાં અંકિત પણ થઈ.

## સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની ભક્તિસભર ઉજવણી

અનુપમ આધાર, યોગી વારસદાર, સહજ આનંદની મૂર્તિ ને વળી કલ્યાણના કરનાર રસઘન સ્વરૂપ સંતભગવંત સાહેબજીના ૮૧મા પ્રાગટ્યપર્વની અલૌકિક ભક્તિસભર ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર ધુળેટી-૧૦ માર્ચ, ૨૦૨૦ના મંગલ દિને સંપન્ન થઈ. વર્ણીકુંજમાં ભવ્ય સભામંડપમાં સંગીતના તાલે સંતભગવંત સાહેબજીનું હૃદયભાવથી સ્વાગત કરાયું. મંચની શોભા અને સુશોભન દિવ્ય હતાં. મધ્યાસને બિરાજી સંતભગવંત સાહેબજીએ સૌના ભાવ ઝીલ્યા. પૂ. પીટરભાઈએ સભાસંચાલન કરતાં ૮૧ વર્ષના સાહેબદાદાની યુવા-તરવરાટભરી અવસ્થાનાં સુંદર વર્ણન કર્યાં. સમસ્ત અનુપમ મિશન પરિવાર વતી પૂ. દિનેશભાઈ, પૂ. હરિકૃષ્ણભાઈ અને નૂતન મંદિરના યુવા પૂજારીઓએ પૂજન અને પુષ્પહાર દ્વારા ભાવાર્પણ કર્યા.

સભા પ્રારંભે પૂ. રાજુભાઈ ડેએ મંદિર નિર્માણ સમયના પોતાના સંતભગવંત સાહેબજી સાથેના દુર્લભ અનુભવો તથા તેઓની ગુણાતીત સ્થિતિના પ્રસંગોનાં સુંદર વર્ણન દ્વારા માહાત્મ્યગાન કર્યાં. ભક્તિભર્યા હૈયે પૂ. ગૌતમભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પ્રાર્થનાઓ ધરી. પૂ. દિલીપભાઈએ સાહેબજીના સ્વામી-સેવકભાવનાં દર્શન કરાવી મહિમાનાં ગાન કર્યાં.

સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદમાં સંતભગવંત સાહેબજીના વિવિધ જીવન પ્રસંગોની વાતો કરી, સાહેબદાદાના યોગીબાપા પ્રત્યેના ગુરુભાવ અને ભક્તિભાવનાં દર્શન કરાવ્યાં તેમજ સાહેબદાદા જે રીતે ભક્તોને આધ્યાત્મિક ઊંચાઈ પર લઈ જઈ રહ્યા છે તેના અનુભવ જણાવ્યા.

આ પ્રસંગે ઉપસ્થિત અનેક ભક્તોએ સાહેબદાદા પ્રતિના પ્રેમભાવને પુષ્પહાર, પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ દ્વારા વ્યક્ત કર્યો. પૂ. દિનકરભાઈએ આશીર્વાદ વરસાવી યુવાન અવસ્થાના જશુભાઈ સાહેબથી લઈ સંતભગવંત સાહેબદાદા સુધીની યાત્રાના સ્વાનુભવના આધારે મહિમાસભર વર્ણન કર્યાં. દિલ્હીથી પૂ. મુકુન્દજીવન સ્વામીજી-ગુરુજી દ્વારા મોકલાવાયેલ આશિષપત્રનું પઠન પણ કરાયું.

અંતે, સંતભગવંત સાહેબજીએ આશિષ વરસાવ્યા અને તન, મન, ધનથી સેવા કરવાની સમજણ આપી, આત્માની સેવા કરવા ગુણાતીત સંતનાં વચને જીવન જીવી, તેમનામાં જીવની પ્રીતિ કરી ઉપાસના દૃઢ કરી લેવાની આહલેક જગાવી. અત્યંત ભક્તિભાવ સાથે સાહેબદાદાના પ્રાગટ્યપર્વની ઉજવણી થઈ, જેનો આનંદ માણી સૌ ધન્ય થયા.

## ગુરુસભામાં સંતભગવંત સાહેબજીનો પ્રાગટ્યોત્સવ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ૫ માર્ચ ૨૦૨૦ના રોજ યુવકોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં સંતભગવંત સાહેબજીનો ૮૧મો



પ્રાગટ્યપર્વે સંતભગવંત સાહેબજીનાં મંગલ આશીર્દાન

પ્રાગટ્યોત્સવ અત્યંત જોશસભર ભાવે ઉજવાયો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને સર્વે વ્રતધારી સંતોના સાંનિધ્યે સેંકડો સ્થાનિક અક્ષરમુકતો પધાર્યા. સભા પ્રારંભે યુવાનોએ મંદિર અને સંતના માહાત્મ્યને રેલાવતા કીર્તન પર નૃત્યભક્તિ પ્રસ્તુત કરી સાહેબદાદાને મંચ પર મધ્યાસને બિરાજમાન કર્યા. રંગબેરંગી પુષ્પોની વિશિષ્ટ સજાવટથી તૈયાર કરાયેલ મંચનું સુશોભન યુવાનોના હૃદયમાં ઉમટતા સાહેબદાદા પ્રત્યેના પ્રેમભાવનું દર્શન કરાવતું હતું. રંગ, રોશનીના અદ્‌ભુત સંયોજનથી સર્જાયેલી મંચની કલાત્મક શોભા સહજ જ ધ્યાનાકર્ષિત હતી. આ પ્રસંગે શ્રી યોગી યુવા સૂરવૃંદના યુવાનો દ્વારા રચિત નવા કીર્તનને ભક્તિભાવે પ્રસ્તુત કરાયું, જેના તાલે સૌ ઝૂમી ઉઠ્યા.

ગોપાલ ત્રિપાઠી અને ધવલ મિસ્ત્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સાહેબદાદા સાથેના અલૌકિક અનુભવો, હૃદયસ્પર્શી પ્રસંગો અને પોતાના જીવનમાં આવેલાં સકારાત્મક પરિવર્તનોની સુંદર વાતો કરી. ત્યારબાદ બાળકો, કિશોરો, યુવાનો દ્વારા સ્વહસ્તે બનાવાયેલ શુભેચ્છા પત્ર, પુષ્પગુચ્છ, વિશિષ્ટ હારમાળા આદિ સંતભગવંત સાહેબજીને અર્પણ કરવામાં આવ્યાં. સભામાં ઉપસ્થિત સૌએ વ્યક્તિગત રીતે સાહેબદાદાને હૃદયભાવ અર્પણ કરી પ્રેમ વ્યક્ત કર્યો. બાળમંડળે આ પ્રસંગે યોગીબાપા અને જશુભાઈ સાહેબના બાળપણના પ્રસંગને રજૂ કરી અદ્‌ભુત સ્મૃતિ કરાવી. તેઓની આ વિશિષ્ટ ભક્તિ પર સંતભગવંત સાહેબજી સહિત સદ્‌ગુરુ સંતો અને ઉપસ્થિત સૌ કોઈએ અપાર રાજીપો વરસાવ્યો. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ અઠવાડિક સત્સંગસભાને પરિણામે થતાં યુવાઘડતર અને સર્વાંગી વિકાસની સમજણ આપી સૌ તરવરિયા યુવાનોની ભક્તિને બિરદાવી. અંતે સંતભગવંત સાહેબજીએ રૂડા આશિષ પ્રદાન કરી અંતરની પ્રસન્નતા વરસાવી.

### કોરોના વોરિયર્સને સલામ

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા કોરોના મહામારીના ઉપદ્રવને ફેલાતો રોકવા માટે ૨૨ માર્ચ, ૨૦૨૦ના દિને જનતા કરફ્યુ રાખવાનો સંદેશ અપાયો. રાષ્ટ્ર અને વિશ્વની સલામતી એ પ્રત્યેક જવાબદાર નાગરિકની ફરજ પણ છે ને વળી, શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ 'શિક્ષાપત્રી'માં દેશકાળ અનુસાર વર્તવાનો બોધ આપ્યો છે. સંતભગવંત સાહેબજીએ સરકારશ્રીના આદેશના અમલ માટે પ્રત્યેક હરિભક્તને અપીલ કરી અને રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ અદા કરવાની સુંદર સમજ આપી. વળી, સરકારશ્રી દ્વારા પ્રત્યેક ધાર્મિક સંસ્થાન બંધ રાખવા તેમજ જાહેર કાર્યક્રમો ન કરવા સૂચના અપાઈ હતી તે મુજબ અનુપમ મિશનના પ્રત્યેક કેન્દ્રને સદંતર બંધ રખાવીને વહીવટી તંત્ર દ્વારા અપાયેલ આદેશોનાં પાલન દ્વારા સાહેબદાદાએ સૌને રાષ્ટ્રભક્તિનો અદ્‌ભુત ઉપદેશ આપ્યો.

૨૨ માર્ચની સાંજે પાંચ વાગ્યે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ સ્થિત નૂતન મંદિરના પ્રાંગણમાં સાહેબદાદા અને સંતોના સાંનિધ્યે સ્થાનિક સેવકભક્તોએ ભેગા મળી પાંચ મિનિટ સુધી સતત તાળીઓ અને થાળીના નાદ ગજાવ્યા. સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોએ ઘંટનાદ કર્યા ને ભારત દેશના રક્ષણ માટે કોરોના વાઈરસની સામે લડી રહેલા સફાઈ કર્મી, આરોગ્ય કર્મી, સુરક્ષા કર્મીઓ પ્રતિ આભાર વ્યકત કર્યો. શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો જપયજ્ઞ કરી સૌની સલામતી માટે વિશેષ પ્રાર્થનાઓ કરી. આ કાર્યક્રમ અનુપમ મિશનના પ્રત્યેક કેન્દ્રમાં, પ્રત્યેક અક્ષરમુકતોના ઘરે પણ સાકાર થાય તે માટે સવારથી જ સૌને વિશેષ સંદેશો મોકલી સૌને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો બજાવવાની સાહેબદાદાએ પ્રેરણા આપી.

### તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ૧૦૦૦થી વધુ દીવડાઓથી ઝગમગી ઊઠી

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિશ્વવ્યાપી કલ્યાણના સંદેશને સમર્થન આપવાના ભાવ સાથે ૫ એપ્રિલ, રવિવારની રાત્રે અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ–મોગરી ૧૦૦૦થી વધુ દીવડાઓના પ્રકાશથી ઝગમગી ઊઠી.

સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ૧૦૦ જેટલા સમર્પિત વ્રતધારી સંતોએ સોશિયલ ડિસ્ટન્સ જાળવીને હાથમાં દીવો ધારણ કરી રાત્રે ૯:૦૦ વાગ્યે ૯ મિનિટ સુધી 'શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી કોરોના વાઈરસ દ્વારા ફેલાયેલ મહામારીના પ્રકોપથી સૌની રક્ષા માટે તથા સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. આ પ્રસંગે દીપજ્યોતિને વંદના ધરતા મંત્રોચ્ચાર સાથે વાતાવરણ દિવ્ય બની રહ્યું.

સંતભગવંત સાહેબજીના નિવાસસ્થાન 'ઉપાસના'ના પ્રાંગણમાં ગુરુદેવ યોગીજી મહારાજની હૃદયભાવના 'ભગવાન સૌનું ભલું કરો' એ પ્રાર્થના દીપમાળ સ્વરૂપે અંકિત કરાઈ તેમજ નૂતન મંદિરના પ્રાંગણમાં સેંકડો દીવડાઓનાં સંયોજન દ્વારા વિશાળ દીપાકૃતિને કલાત્મક રીતે સુશોભિત કરાઈ. સવિશેષ શ્રી ઠાકોરજી સન્મુખ સુશોભિત કરાયેલા દીવાઓની શોભા અદ્‌ભુત હતી.

આ ઉપરાંત તપોભૂમિ બ્રહ્મજ્યોતિનું સમગ્ર કેમ્પસ અને તેનાં વિવિધ પ્રાસાદિક સ્થાનો પણ દીપમાળથી પ્રજ્વલિત કરાયાં. કોરોના વાઈરસરૂપી અંધકારને દૂર કરનાર પ્રકાશ અર્થાત બ્રહ્મની જ્યોતિ, અનુપમ મિશનનાં દેશવ્યાપી સર્વ કેન્દ્રોમાં પણ પ્રસરી અને અનુપમ મિશન સાથે સંકળાયેલા સર્વ ભક્તોએ પૂર્ણ સહકાર આપી આ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમમાં જોડાઈ મહામારીની સામે રાષ્ટ્રવ્યાપી એકતા પ્રત્યેનો પ્રબળ સંદેશો આપ્યો.

આ સંકટભર્યા સમયમાં સૌની રક્ષા થાય, સૌ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે તે માટે સંતો મંદિરમાં નિત્ય થતી 'શ્રી મહાપૂજા'માં ગદ્ગદ કંઠે પ્રાર્થનાઓ કરે છે, જેમાં દેશના સેંકડો ભક્તો ઑડિયો-વિડિયોના માધ્યમથી જોડાય છે અને ભક્તિ અદા કરે છે. સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના સદ્ગુરુ સંતો ફોનસભામાં હજારો ભક્તોને આશીર્વાદ પાઠવી સરકારશ્રીની પ્રત્યેક યોજનામાં સહકાર આપવા, લોકડાઉનનું સઘન પાલન કરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અનુરોધ કરી સૌને બળ પૂરું પાડે છે.

### શ્રી હરિ જયંતી

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાગટ્યતિથિ શ્રી હરિ નવમીની ભક્તિપૂર્ણ ઉજવણી ૨ એપ્રિલના રોજ રાષ્ટ્રીય લોકડાઉનના નિયમોનાં સંપૂર્ણ પાલન સાથે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે સંપન્ન થઈ.

નૂતન મંદિરમાં શ્રી ઠાકોરજીની મંગળા આરતી કરી સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પુનિત ચરણોમાં ગદ્ગદ કંઠે પ્રાર્થના સહ હૃદય અર્ઘ્ય અર્પણ કર્યો. આ દિવસે વિશ્વસમસ્તના અનુપમ મિશનનાં કેન્દ્રોના અનેક ભક્તોએ પણ નિર્જળ ઉપવાસ કરીને ભક્તિ અદા કરી. આખોય દિવસ સંતભગવંત સાહેબજી સહિત સંતોએ પ્રભુમાહાત્મ્યના સંદેશા રેલાવ્યા, જેને ટેકનોલોજીના માધ્યમથી સૌએ ઝીલ્યા. સંધ્યા આરતી બાદ સૌએ ઉપવાસ છોડ્યા અને પ્રભુની સ્તુતિ કરી પ્રાર્થનાઓ ધરી.

સંધ્યાટાણે સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોએ નૂતન મંદિરે શ્રીઠાકોરજી, શ્રી શાસ્ત્રીજી મહારાજ અને શ્રી યોગીજી મહારાજની મૂર્તિઓને આરતી અર્પણ કરી. આ પ્રાસાદિક દર્શન અત્યંત દિવ્ય હતાં ! સંધ્યા આરતી બાદ સંતો સાથેની ગોષ્ઠિમાં સંતભગવંત સાહેબજીએ પ્રભુનાં અવતરણ અને જીવનકાર્યની અકલ્પનીય વાતો કરી ગુણાતીત સંત દ્વારા પ્રભુના પ્રગટીકરણનો મર્મ સમજાવ્યો. સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી અને કોરોના વાઈરસના પ્રકોપથી સૌની રક્ષા થાય તે માટે વિશેષ પ્રાર્થનાઓ કરી.

### કોરોનાના સંકટ સમયે અનુપમ મિશન દ્વારા અનેકવિધ રાહતકાર્યો

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી કોરોના મહામારીના આ સંકટ સમયે ગુજરાતનાં અનેક સ્થળોએ અનુપમ મિશન દ્વારા અનેકવિધ રાહતકાર્યો હાથ ધરાયાં.

અનુપમ મિશનના મોગરી સ્થિત કેન્દ્રમાં સંપૂર્ણ હાઈજેનિક સ્થિતિમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવીને સંતો-સ્વયંસેવકો દ્વારા રસોઈ, રાશન, ફૂડ પેકેટ્સ, મેડિકલ કીટ, શાકભાજીની બેગ આદિ તૈયાર કરાયાં અને કલેક્ટરશ્રી તેમજ આરોગ્યખાતાના અધિકારીશ્રીઓની સૂચના અનુસાર યોગ્ય સ્થાનોમાં તેનાં વિતરણ થયાં.

મોગરી, વાસદ, નર્મદા જિલ્લાના કેવડિયાના અંતરિયાળ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોને પાકું ભોજન, લીલાં તાજાં શાકભાજી, ફૂડ પેકેટ્સ, રોજિંદી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, માસ્ક, ગ્લવ્ઝ, સેનિટાઇઝર, સાબુ, ટોવેલ, ટૂથ પેસ્ટ આદિનું વિતરણ પણ કરવામાં આવ્યું.

કલેકટરશ્રીના આદેશથી વાસદ ખાતે 'પટેલ વાડી'માં રોકાયેલા ૨૦૦ જેટલા પરપ્રાંતીય શ્રમિકોના કેમ્પમાં ભોજન, ફૂડ પેકેટ્સ, જીવન ઉપયોગી ચીજવસ્તુઓની કીટનું વિતરણ અનુપમ મિશનના સંતો અને




વાસદ મુકામે પરપ્રાંતિય શ્રમિકોના શેલ્ટર હૉમમાં અનુપમ મિશન દ્વારા રાહતકાર્ય

સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું ત્યારે સાંસદશ્રી મિતેશભાઈ, આણંદ ડિસ્ટ્રિક્ટ કલેક્ટરશ્રી આર. જી. ગોહિલસાહેબ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આશિષકુમાર, પ્રાંત અધિકારી સુશ્રી જિજ્ઞાબેન દલાલ, મામલતદારશ્રી બી. આર. પરમાર, જિલ્લા સમાજસુરક્ષા અધિકારીશ્રી શકીલ વોહરા, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અન્ય વહીવટ અધિકારીશ્રીઓ તેમજ પૂજ્ય શાસ્ત્રી સ્વામીએ ઉપસ્થિત રહી કેમ્પ અને રાહતસામગ્રી વિતરણની સમીક્ષા કરી સંતોષ વ્યક્ત કર્યો. લોકડાઉન દરમિયાન આવા પરપ્રાંતીય શ્રમિકો માટે અનુપમ મિશન દ્વારા સવારે અને સાંજે બે સમયના ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી.

અનુપમ મિશન દ્વારા દરરોજ પાકી રસોઈ તૈયાર કરી સ્થાનિક મોગરી ગામના ગરીબ અને જરૂરિયાતમંદ હજારો વ્યક્તિઓને પહોંચાડવામાં આવે છે. વળી, અનુપમ મિશનના સ્વયંસેવકો દ્વારા હજારો ઘરોમાં લીલાં તાજાં શાકભાજી પણ આપવામાં આવ્યાં. લોકડાઉનનાં આ કપરા સમયમાં રોજિંદા જીવનની જરૂરિયાત પૂરી થઈ શકે તેવા પ્રયત્નો અનુપમ મિશનના સંતો અને સ્વયંસેવકો સતત કરી રહ્યા છે.

આ ઉપરાંત, નર્મદા જિલ્લાના કેવડિયા વિસ્તારનાં ૩૫થી વધુ અંતરિયાળ ગામોમાં તકલીફમાં મુકાયેલ પ્રત્યેક વ્યક્તિ સુધી રાશન, મેડિકલ કીટ અને રોજિંદા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની હજારો કીટ પહોંચાડવાનું માનવતાનું કાર્ય પણ સુપેરે કરવામાં આવ્યું.

‘જનસેવા એ જ પ્રભુસેવા છે’ એ ભાવનાથી વિશ્વવ્યાપી સંકટના સમયે અનુપમ મિશનના માધ્યમથી ગુરુવર્ય સંતભગવંત સાહેબજી જેવા પરમાર્થી સત્પુરુષની અનુકંપા છેવાડાના માનવી સુધી પહોંચી રહી



અનુપમ મિશન દ્વારા જરૂરિયાતમંદોને અનાજ તથા તાજાં શાકભાજીનાં વિતરણ

છે અને સાથે સાથે આ મહામારીનો દોર સત્વરે પૂર્ણ થાય અને દૈવી પ્રકાશ સર્વત્ર રેલાય તેવી પ્રાર્થનાઓ પણ અનુપમ મિશનના સૌ સંતો દ્વારા સતત વહી રહી છે.

## સત્સંગ સ્મૃતિયજ્ઞ

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશનના સૌ સત્સંગી મુકતોને લોકડાઉનના સમયગાળામાં સત્સંગલક્ષી માહિતીસભર પ્રવૃત્તિથી જોડવાની ભક્તિરૂપે ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન 'સત્સંગ સ્મૃતિયજ્ઞ-ઓનલાઈન સત્સંગલક્ષી પ્રશ્નોત્તરી'નું સુંદર આયોજન થયું. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શને અનુપમ મિશન, મોગરીના સંતો પૂ. પરેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈ આદિ સાથે યુવાનોએ ટેકનોલોજીનો ઉપયોગ કરી ત્રિદિવસીય સત્સંગ સ્મૃતિયજ્ઞનું આયોજન કર્યું.

પ્રથમ દિવસે શ્રી સ્વામિનારાયણ ભગવાન, ગુણાતીત સ્વરૂપો અને સ્વામિનારાયણ સંપ્રદાય અંગેની પ્રશ્નોત્તરી, બીજા દિવસે સંતભગવંત સાહેબજી તથા વ્રતધારી સંતોનાં જીવન અને કાર્ય તેમજ અનુપમ મિશનની પ્રવૃત્તિઓ અંગેની પ્રશ્નોત્તરી અને ત્રીજા દિવસે નૂતન મંદિરજી તથા મંદિર મહોત્સવ અંગેની પ્રશ્નોત્તરી કરવામાં આવી.

આ પ્રશ્નોત્તરી દ્વારા સહજ સૌને પ્રભુ અને પ્રગટ સ્વરૂપના મહિમામાં જોડવાનો સહજ ભક્તિરૂપ પ્રયત્ન કરાયો. સત્સંગ સ્મૃતિયજ્ઞમાં અનુપમ મિશનનાં દેશ-પરદેશનાં તમામ કેન્દ્રો અને મંડળોના હજારો આબાલવૃદ્ધ ભક્તો અત્યંત ભાવથી જોડાયા. સૌએ આખું અઠવાડિયું પૂર્વતૈયારીઓ કરીને પોતાના સમય અને મનને સત્સંગની સ્મૃતિઓથી ભરી દીધાં.

સૌને બળ પમાડવા અને સ્મૃતિ આપવા સ્વયં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને સર્વે સંતો પણ સત્સંગ સ્મૃતિયજ્ઞમાં જોડાયા. કોઈ કારણોસર જે ભક્તો આ સ્મૃતિયજ્ઞમાં જોડાઈ ના શક્યા તેઓ માટે ૨૮થી ૩૦ એપ્રિલ દરમિયાન પુનઃ 'સત્સંગ સ્મૃતિયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ જોડાઈ લાભ લીધો. આવાં સુંદર આયોજન બદલ સૌ ભક્તોએ સંતભગવંત સાહેબદાદા અને આયોજકોનો હૃદયથી આભાર માન્યો. સંતભગવંત સાહેબજીએ પણ આયોજક સંતો-યુવાનોની ભક્તિને બિરદાવી પ્રતિ વર્ષ આવાં આયોજન કરવા પ્રેરણા આપી.

## ડિજિટલ માધ્યમથી સત્સંગલાભ

સંતભગવંત સાહેબજી અવારનવાર કહે છે કે, 'કળિયુગનો અંતિમ સમય ચાલી રહ્યો છે ને હવે યુગપરિવર્તન થશે. કળિયુગ જશે અને તેની સાથે આવેલ આસુરી શક્તિઓનો પણ નાશ થશે; જે આપણા સૌનાં ધૂન-ભજનથી શક્ય થશે.' વિશ્વસમસ્ત જ્યારે લોકડાઉનની પરિસ્થિતિમાં છે ત્યારે સમયનો સદુપયોગ ભજન-ભક્તિ તેમજ સત્સંગ-સમાગમમાં વીતે તે માટે સંતભગવંત સાહેબજીએ આહલેક જગાવી છે. ઠેરઠેર ડિજિટલ માધ્યમોથી સત્સંગસભાઓ યોજવાનું બળ પૂરું પાડી સંતો અને એકાંતિક ભક્તોને સત્સંગ કરાવવાની આજ્ઞા કરી છે.

સાહેબદાદાની આજ્ઞાને શિરે ચઢાવી સંતોએ દેશ-પરદેશમાં ભગવદ્ ગોષ્ઠિ અને સમાગમનો અકલ્પ્ય લાભ આપ્યો છે. તો, ભક્તિવંત ભક્તોએ પણ તે અલભ્ય લાભ પ્રાપ્ત કરવાની સતત તત્પરતા દર્શાવી છે, જેને પરિણામે સૌ કોઈ મહામારીના આ સમયે પણ ભગવાનનો દૃઢ આશરો રાખી, સંતસમાગમે સુખ, શાંતિ અને આનંદનો અનુભવ કરી રહ્યા છે. સર્વત્ર ધૂન, ભજન અને ભક્તિની પરાકાષ્ઠા અનુભવાઈ રહી છે.

વૈશ્વિક સ્તરે આબાલવૃદ્ધ સૌ કોઈ નિત્ય ઓનલાઈન મહાપૂજા, સત્સંગસભા, કીર્તન આરાધના આદિ કાર્યક્રમો દ્વારા ભક્તિયજ્ઞોમાં હોંશે હોંશે જોડાઈ રહ્યા છે. ડિજિટલ માધ્યમોથી જોડાવાને લીધે વિશ્વ નાનું લાગવા માંડ્યું છે. સૌ કોઈ એકબીજાના પ્રદેશમાં થતી સત્સંગલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાઈ શકે છે તે પણ ઘરે બેઠા બેઠા ! પ્રભુએ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમ દ્વારા સમયની, સત્સંગની સાનુકૂળતા કરી આપી તે બદલ તેઓનો અપરંપાર આભાર માની સૌ સંતો-ભક્તો તેનો ભરપૂર લાભ લઈ રહ્યા છે. સ્વયં સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો પારમિતા મંદિરે થતી દૈનિક મહાપૂજા બાદ આશિષ પરાવાણી વહાવે છે. હજારો ભક્તો પોતપોતાના સ્થાને રહી આ મહાપૂજામાં જોડાય છે અને પરમની પરાવાણીનો દિવ્ય લાભ લે છે. સૌ સંતો નિ:સ્વાર્થભાવે સૌ મુક્તો-મુમુક્ષુઓની સુખાકારી અને રક્ષા માટે પ્રાર્થનાઓ કરી રહ્યા છે તેમજ વ્યક્તિગત ફોન કોલ્સ, વિડિઓ કોલ્સ દ્વારા પણ સૌ ભક્તોને બળ અને સુખ અર્પી રહ્યા છે.

## ખારઘર મંદિર પાટોત્સવ

૧ મે ૨૦૨૦ના રોજ ખારઘર, નવી મુંબઈ સ્થિત 'અનુપમ મિશન સૉશ્યલ વેલફેર સેન્ટર'ના મંદિરના ૧૩મા પાટોત્સવ પર્વની અલૌકિક ઉજવણી વિશિષ્ટ રીતે સંપન્ન થઈ. અનુપમ મિશનના ઈતિહાસમાં આ પહેલી ઘટના હતી કે, મુંબઈના મંદિરની પાટોત્સવ વિધિ સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે બ્રહ્મજ્યોતિ-મોગરીના પારમિતા હોલમાં થાય અને ખારઘર-નવી મુંબઈ, સમસ્ત મુંબઈ પ્રદેશ, સમગ્ર વિશ્વના અક્ષરમુક્તો પોતાના સ્વસ્થાને રહીને ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરીને ભક્તિભાવે આ પર્વમાં જોડાય.

સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શન મુજબ પૂ. ઉત્પલભાઈ અને પૂ. અશોકભાઈએ સુંદર મહાપૂજા વિધિ કરાવી, યજમાન પદે પૂ. ઉમેશભાઈ, પૂ. ગોપાલબાપા, પૂ. રાજુભાઈ, પૂ. યજ્ઞેશભાઈ આદિ સંતો બિરાજ્યા. પારમિતા હૉલમાં શ્રી ઠાકોરજી સન્મુખ જ્યારે આ પૂજા થઈ ત્યારે ખારઘર મંદિરે સ્થાનિક સંતો પૂ. દિનેશભાઈ અને પૂ. હરિકૃષ્ણભાઈએ પાટોત્સવ વિધિ સંપન્ન કરી.

સંતોનાં માર્ગદર્શન મુજબ આ સમયે મુંબઈના સૌ ભાવિક અક્ષરમુક્તો પોતપોતાના ઘરમંદિરના શ્રી ઠાકોરજી સન્મુખ એકસરખાં વસ્ત્રો પરિધાન કરી સપરિવાર બિરાજ્યા અને મંદિરમાં થઈ રહેલ પાટોત્સવ વિધિને લાઈવ નિહાળી, આ વિધિમાં જોડાયા. મુંબઈના સૌ હરિભક્તોએ મળીને ૫૨ પથી પણ વધુ વાનગીઓ ભક્તિભાવે તૈયાર કરી અન્નકૂટ સ્વરૂપે શ્રી ઠાકોરજીને ધરાવી. લોકડાઉનને પરિણામે ભક્તો મંદિરે ન જઈ શક્યા, પણ પ્રભુ તો ઘરે પધાર્યા ને બિરાજ્યા જ છે તે ભાવથી સૌએ પ્રસાદ ધરાવ્યો અને આ અલૌકિક પાટોત્સવ વિધિનો આનંદ માણ્યો. આ દિવ્ય મહાપૂજામાં સંતોએ સમસ્ત વિશ્વના અક્ષરમુક્તો અને વિશેષ તો મુંબઈ પ્રદેશના સર્વે અક્ષરમુક્તોનાં નામ બોલી, સ્મૃતિ કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. આ પ્રસંગે પ્રાદેશિક સંત પૂ. યજ્ઞેશભાઈ અને પૂ. રાજુભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં અને સદ્ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાએ ટેક્નોલૉજીના સદુપયોગ દ્વારા નૂતન ઢબે પાટોત્સવ પૂજનમાં જોડાનાર, સેવા કરનાર સૌ ભક્તોની ભક્તિને બિરદાવી પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ આપ્યા.

સૌ પર અત્યંત પ્રસન્નતા વરસાવતાં સંતભગવંત સાહેબજીએ 'જ્યાં ભગવાનને રાજી કરવાનો ભાવ હોય ત્યાં કશું જ આડું આવતું નથી અને એવી ભક્તિ જે કરે છે તે સૌ પર પ્રભુ અચૂક પ્રસન્ન થાય જ છે તેવા રૂડા આશીર્વાદ વરસાવી મુંબઈના ભક્તો અને પાટોત્સવ મહાપૂજામાં જોડાયેલા દેશ-પરદેશના ભક્તોને ભક્તિની સુંદર સમજ આપી. અંતે જગતભાઈ કિલ્લાવાલાએ સૌ ભક્તો પ્રતિ આભાર વ્યક્ત કર્યો. ♦